Thursday
08.10.2026
*Volume :11 * Issue No.96
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-



# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જનસેવા, સુશાસન અને સમર્પણના ૨૫ વર્ષ

કમલમ્, ગાંધીનગર

આજથી ૨૫ વર્ષ પહેલા ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં સત્તાનું સુકાન સંભાળ્યું હતું. આ એ સમય હતો, જ્યારે રાજ્ય વિનાશક ભૂકંપના ઘામાંથી બહાર આવવા મથી રહ્યું હતું. તેમની સામે ગુજરાતના આત્મવિશ્વાસને ફરી ઊભો કરવાનો પડકાર હતો. આ પડકાર શ્રી નરેન્દ્ર મોદીએ સ્વીકાર્યો. તેમણે નવા ગુજરાતનું સ્વપ્ન જોયું.તેમના નેતૃત્વમાં માર્ગ નિર્માણ, વીજળી, પાણી, શિક્ષણ, કૃષિ અને ઉદ્યોગ સુધીના ક્ષેત્રોમાં, વિકાસને એક સર્વગ્રાહી દિશા આપવામાં આવી. તેમની આગેવાનીમાં વિચારો, નીતિઓ અને વહીવટની જૂની પદ્ધતિઓનું મંથન થયું અને નવી સંભાવનાઓ શોધવામાં આવી. તેમના માટે ગુજરાતના કરોડો નાગરિકો તેમનો પરિવાર હતા, ને તેમની જરૂરિયાતો તેમણે વિકાસના કેન્દ્રમાં રાખીને, વિકાસની વ્યાખ્યાને વિસ્તૃત બનાવી. શાળા પ્રવેશોત્સવથી ગુણોત્સવ સુધી, કૃષિ મહોત્સવથી પશુ આરોગ્ય મેળા સુધી અને ખેલ મહાકુંભથી વાઈબ્રન્ટ ગુજરાત સુધીની યાત્રાએ વિકાસને સરકારી ફાઈલોમાંથી બહાર કાઢીને જનભાગીદારીનો વિષય બનાવ્યો. સુશાસનને ટેક્નોલોજી સાથે જોડવામાં આવ્યું. નાગરિકોની ફરિયાદ સરકાર સુધી પહોંચે અને સરકાર તેનો જવાબ આપે તે માટે 'સ્વાગત' જેવી પહેલ શરૂ થઈ. રોકાણ અને ઉદ્યોગ માટે ગુજરાતને વિશ્વના નકશા પર નવી ઓળખ અપાવવા માટે વાઈબ્રન્ટ ગુજરાતનું મંચ વિકસિત કરવામાં આવ્યું મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્ર મોદીનો ૨૦૦૧ થી ૨૦૧૪ સુધીનો ૧૩ વર્ષોનો કાર્યકાળ અભૂતપૂર્વ પરિવર્તનનો સમયગાળો હતો. જનશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, ઊર્જાશક્તિ અને રક્ષાશક્તિના પંચામૃત દર્શન પર આધારિત તેમનું શાસનનું નવું મોડલ ગુજરાતના વિકાસનો આધાર બની ગયું. ગુજરાતના વિકાસ મોડેલને વર્ષ ૨૦૧૪માં રાષ્ટ્રીય સ્વીકૃતિ મળી. વર્ષ ૨૦૧૪માં શ્રી નરેન્દ્ર મોદીએ ભારતના વડાપ્રધાન તરીકેનો પદભાર સંભાળ્યો. ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના ૧૩ વર્ષ દરમિયાન મેળવેલા અનુભવો, તેમણે કરેલા પ્રયોગો અને વિકાસદૃષ્ટિને તેમણે રાષ્ટ્રીય સ્તરે વિસ્તૃત કરી. ગુજરાતમાં શરૂ થયેલી જનકેન્દ્રિત પહેલોનો પ્રભાવ રાષ્ટ્રીય યોજનાઓમાં પણ જોવા મળ્યો. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, ખેલો ઈન્ડિયા, સ્વચ્છ ભારત અને નલ સે જલ જેવી પ્રમુખ પહેલો દ્વારા આરોગ્ય, સ્વચ્છતા, પાણી અને રમતગમત જેવા ક્ષેત્રોને રાષ્ટ્રીય વિકાસના એજન્ડાના કેન્દ્રમાં સ્થાન મળ્યું. ગુજરાતમાં જે રીતે સરકાર અને જનતાને વિકાસની યાત્રામાં સહભાગી બનાવવાનો પ્રયાસ થયો હતો, એ જ ભાવનાને રાષ્ટ્રીય સ્તરે વધુ વ્યાપક સ્વરૂપ મળ્યું. શ્રી નરેન્દ્ર મોદી માટે રાષ્ટ્રનિર્માણ એ સાધના છે. ભારતની વૈશ્વિક ઓળખને નવી ઊંચાઈ આપવાની દિશામાં તેઓ સતત પ્રયાસ કરી રહ્યા છે. ગુજરાતમાં શરૂ થયેલી વિકાસની ગતિને રાષ્ટ્રીય સ્તરે વિસ્તારીને શ્રી નરેન્દ્ર મોદીએ એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો કે ગુજરાત માત્ર વિકાસનું ભાગીદાર ન રહે, પરંતુ ભારતની વ્યાપક વિકાસગાથાનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહે. વર્ષ ૨૦૨૬માં શ્રી નરેન્દ્ર મોદીના ભારતના વડાપ્રધાન તરીકે ૧૨ વર્ષ પૂર્ણ થયા છે. ૨૦૧૪થી વિકાસ-કેન્દ્રિત રાજનીતિને પ્રાથમિકતા આપતાં ભારતની અર્થવ્યવસ્થા, માળખાગત સુવિધાઓ, સંરક્ષણ, વાણિજ્ય, ઉડ્ડયન, રેલવે, બંદરો અને ડિજિટલ માળખામાં વ્યાપક પરિવર્તનો જોવા મળ્યાં છે. આ યાત્રામાં આત્મનિર્ભર ભારત એક સંકલ્પ બન્યો છે. વિશ્વના બદલાતા પરિપ્રેક્ષ્યમાં ભારતને માત્ર વૈશ્વિક પરિવર્તનનું દર્શક જ નહીં, પરંતુ વૈશ્વિક પરિવર્તનનું સક્રિય ભાગીદાર બનાવવાની દિશામાં ભગીરથ પ્રયાસો થયા છે. વૈશ્વિક સ્તરે વેક્સિન મૈત્રી, ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ અને ઓપરેશન સિંદૂર જેવી મહત્વપૂર્ણ બાબતોએ ભારતની વધતી વૈશ્વિક ભૂમિકા અને વ્યૂહાત્મક ક્ષમતાને રેખાંકિત કરી છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના ૧૩ વર્ષ અને ભારતના વડાપ્રધાન તરીકેના ૧૨ વર્ષ એમ ૨૫ વર્ષોથી શ્રી નરેન્દ્ર મોદીની જનસેવા યાત્રા અવિરતપણે આગળ વધી રહી છે. ૨૫ વર્ષ પહેલાં ગુજરાતમાં શરૂ થયેલું તપ આજે રાષ્ટ્રનિર્માણની સાધનામાં પરિવર્તિત થયું છે. ગુજરાતથી શરૂ થયેલી આ વિકાસયાત્રા આજે 'વિકસિત ભારત @૨૦૪૭'ના સંકલ્પ સાથે આગળ વધી રહી છે. સમગ્ર વિશ્વમાં લોકપ્રિય નેતાની ઓળખ ધરાવતા શ્રી નરેન્દ્ર મોદીની આ ૨૫ વર્ષોની યાત્રા એટલે સેવા, સુશાસન, સંકલ્પ અને રાષ્ટ્રનિર્માણની સતત સાધના.

**૨૫ વર્ષોની વિકાસયાત્રા દરમિયાન ગુજરાતને મળેલી મોટી ભેટ**

- ગુજરાતને મળ્યો ભારતનો પ્રથમ સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ, ૨૦,૬૬૭ કરોડના ખર્ચે અમદાવાદના સરખેજથી ધોલેરા સુધી સેમી હાઈસ્પીડ ડબલ લાઈન રેલ પ્રોજેક્ટને મંજૂરી
- ૫૮૦૦ કરોડના ખર્ચે અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ વે ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટને મંજૂરી
- કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં ગિફ્ટ સિટીની સંસ્થાઓને ૨૦ વર્ષની ટેક્સ હોલિડેની જાહેરાત
- સપ્ટેમ્બર ૨૦૨૬માં વડાપ્રધાનશ્રીના હસ્તે રાજ્યને ૩૫,૨૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોની ભેટ
- વડાપ્રધાનશ્રીના હસ્તે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના ત્રણ સેક્શનનું લોકાર્પણ
- હાંસલપુરમાં મારુતિ સુઝુકીની પહેલી ઇ-વિટારા કારનું લોન્ચ અને બેટરી પ્લાન્ટનું ઉદ્ઘાટન
- કચ્છના ખાવડા ખાતે બની રહેલા વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી (RE) પાર્કમાં ૩૬૪૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૩ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ
- ગુજરાતમાં ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સ યોજાશે
- ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન અંતર્ગત ગુજરાતમાં ૬ સેમિકન્ડક્ટર પ્લાન્ટને મંજૂરી
- ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (GFSU) વર્ષ ૨૦૨૦ થી "નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU)" તથા "ઈન્સ્ટિટ્યૂશન ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ(INI)"નો ગૌરવપૂર્ણ દરજ્જો
- કેન્દ્રીય શહેરી બાબતોના મંત્રાલય હેઠળ લાઈટ હાઉસ પ્રોજેક્ટ માટે ગુજરાતના રાજકોટ શહેરની પસંદગી, ખાસ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને આ પ્રોજેક્ટ હેઠળ રાજકોટમાં ૧૧૪૪ આવાસોનું નિર્માણ
- ગિફ્ટ સિટીમાં ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર ઓથોરિટી (IFSCA) કાર્યરત
- GIFT સિટી ખાતે ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX)
- ભરૂચમાં બલ્ક ડ્રગ પાર્કનો શિલાન્યાસ
- નવસારીમા PM મિત્ર પાર્ક (ટેક્સટાઈલ પાર્ક)નો શિલાન્યાસ
- ગુજરાતમાં ભાવનગર ખાતે વિશ્વના પ્રથમ સીએનજી ટર્મિનલ પોર્ટનો શિલાન્યાસ.
- અમદાવાદ ખાતે વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નિર્માણ
- દાહોદ ખાતે 'મેક ઈન ઈન્ડિયા'ના અભિગમ સાથે ૨૦ હજાર કરોડના ખર્ચે રેલવે પ્રોડક્શન યુનિટનું લોકાર્પણ
- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મે ૨૦૨૫માં ૯૦૦૦ હોર્સપાવરનું પ્રથમ લોકોમોટિવ એન્જિન દેશને સમર્પિત કર્યું

# ગાંધીનગરના રૂપાલ ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં વિકસિત ભારત સંકલ્પ સભા 'સેવા જ્યોતિ મશાલયાત્રા'નો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો

## રૂપાલ ગામ ખાતેથી મશાલ પ્રજ્વલિત કરી જનકલ્યાણ અને જનસેવાની મશાલયાત્રાનો ઉત્સાહભેર પ્રારંભ કરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી









કમલમ્, ગાંધીનગર

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત @2047'ના સંકલ્પને સાકાર કરવાના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં 'વિકસિત ભારત સંકલ્પ સભા'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઝુંબેશ અંતર્ગત નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ગાંધીનગર જિલ્લાના પ્રખ્યાત અને ઐતિહાસિક ગામ રૂપાલ ખાતે 'સેવા જ્યોતિ મશાલયાત્રા'નો જિલ્લા કક્ષાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી અને વડાપ્રધાન તરીકે સફળતાપૂર્વક ૨૫ વર્ષના સેવાયજ્ઞ પૂર્ણ કર્યા છે. આ ઐતિહાસિક અવસર નિમિત્તે વડાપ્રધાનશ્રીએ દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમ ખાતેથી દેશભરના વિવિધ શહેરોમાં જીવંત પ્રસારણ દ્વારા દેશવાસીઓને પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. 'સેવા જ્યોતિ મશાલયાત્રા'ને જનસેવા, પારદર્શિતા અને સુશાસનની પ્રતિક રૂપે દર્શાવી, રાજ્યનો દરેક નાગરિક આત્મનિર્ભર બને અને વિકાસની મુખ્યધારા સાથે જોડાય તે જ સાચા સંકલ્પના ઉદ્દેશ સાથે નાયબ મુખ્યમંત્રીશ્રીએ મશાલ પ્રજ્વલિત કરી, હર્ષોલ્લાસ સાથે યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ રૂપાલ સ્થિત સુપ્રસિદ્ધ શ્રી વરદાયિની માતાજીના મંદિરે પૂજન અને આરતી કર્યા બાદ મશાલ યાત્રામાં જનમેદની સાથે ચાલીને લોકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ જિલ્લા કક્ષાની મસાલા યાત્રા ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાઓમાં ભ્રમણ કરશે.

આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રાજેશભાઈ પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, દક્ષિણના ધારાસભ્યશ્રી અલ્પેશ ઠાકોર, કલોલના ધારાસભ્યશ્રી લક્ષ્મણજી ઠાકોર, દહેગામના ધારાસભ્યશ્રી બલરાજસિંહ ચૌહાણ, પક્ષ પ્રમુખશ્રી અનિલભાઈ પટેલ તથા ગાંધીનગર જિલ્લા પ્રભારીશ્રી રમેશભાઈ સોલંકી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિગંત બ્રહ્મભટ્ટ અને અધિક કલેક્ટરશ્રી અમિત પરમાર સહિત જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ, રૂપાલ ગામના અગ્રણીઓ તથા વિશાળ સંખ્યામાં ગ્રામજનો અને નાગરિકોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# થરાદ ખાતે વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત સંકલ્પ સભા - સેવા જ્યોતિ' કાર્યક્રમ યોજાયો

## ૨૫ વર્ષ જન સેવાથી રાષ્ટ્રસેવા: થરાદમાં પ્રેરણાદાયી મશાલ યાત્રા સાથે 'વિકસિત ભારત ૨૦૪૭'નો સંકલ્પ લેવાયો





### અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ વિકાસ ગાથા વર્ણવી નાગરિકોને વિકસિત ભારતની પ્રતિજ્ઞા લેવડાવી: તેજસ્વી વિદ્યાર્થીઓનું કરાયું સન્માન



## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના સેવા યજ્ઞથી દેશ અને રાજ્યમાં અભૂતપૂર્વ પરિવર્તન આવ્યું: વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

કમલમ્, થરાદ

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત '૨૫ વર્ષ જન સેવાથી રાષ્ટ્રસેવા'ના ભાગરૂપે વાવ-થરાદ વિસ્તારના મુખ્ય મથક થરાદ ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને 'વિકસિત ભારત સંકલ્પ સભા' અને 'સેવા જ્યોતિ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવી દિલ્હીથી દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીના વર્ચ્યુઅલ સંબોધનનું જીવંત પ્રસારણ ઉપસ્થિત સૌ નાગરિકો અને કાર્યકરોએ નિહાળ્યું હતું. વડાપ્રધાનશ્રીના પ્રેરણાદાયી વિચારોથી ઉપસ્થિત જનમેદનીમાં રાષ્ટ્રનિર્માણ અને સેવાની નવી ઊર્જાનો સંચાર થયો હતો. કાર્યક્રમ દરમિયાન જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું વિધાનસભાના અધ્યક્ષશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સભાના સમાપન બાદ મહાનુભાવો દ્વારા મશાલ પ્રગટાવી 'સેવા જ્યોત યાત્રા'નું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ મશાલ યાત્રા ગાયત્રી વિદ્યાલય થરાદ થી લઈને થરાદ બસ સ્ટેશન સુધી પહોંચી હતી, જેના થકી સેવા, સંકલ્પ અને રાષ્ટ્રનિર્માણનો સંદેશ જન-જન સુધી પહોંચાડવામાં આવ્યો હતો. આ 'વિકસિત ભારત સંકલ્પ સભા' અને 'સેવા જ્યોતિ' કાર્યક્રમ અંતર્ગત વાવ - થરાદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી બાઈક રેલી યોજાઈ હતી. જે થરાદ ગાયત્રી વિદ્યાલય ખાતે પહોંચી હતી.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા ૨૫ વર્ષમાં રાજ્ય અને દેશમાં જે નિષ્ઠાપૂર્વક કામ કર્યું છે, તેના પરિણામે પ્રત્યેક નાગરિકના જીવનમાં મોટો સકારાત્મક બદલાવ આવ્યો છે. ૨૫ વર્ષ પહેલાંની સ્થિતિ વાગોળતાં તેમણે કહ્યું કે, ભૂતકાળમાં બનાસકાંઠા જેવા સરહદી વિસ્તારમાં ઓછા વરસાદ વખતે લોકોને હિજરત કરવી પડતી, હાઈવે પર અકસ્માત સમયે સારવારના અભાવે યુવાનો જીવ ગુમાવતા, વીજળી માંડ પાંચ-સાત કલાક મળતી અને શાળાઓમાં ઓરડા કે શિક્ષકોની ભારે અછત હતી. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રઢ સંકલ્પથી ૧૦૮ ઈમરજન્સી સેવા, નર્મદાનું પાણી, ૨૪ કલાક વીજળી, શ્રેષ્ઠ શિક્ષણ વ્યવસ્થા અને મજબૂત કાયદો-વ્યવસ્થા શક્ય બન્યા છે. અધ્યક્ષશ્રીએ ઉપસ્થિત કાર્યકરો અને નાગરિકોને અનુરોધ કર્યો હતો કે, છેલ્લા ૨૫ વર્ષમાં ગામડાં અને સામાન્ય પરિવારોમાં જે વિકાસલક્ષી બદલાવ આવ્યો છે, તેના સાદા વિડિયો બનાવી લોકો સમક્ષ મૂકવા જોઈએ જેથી સાચી વિકાસગાથા જન-જન સુધી પહોંચે. તેમણે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિશ્વના અગ્રણી વિકસિત દેશોની હરોળમાં મૂકવાના અને દેશને ગરીબીમુક્ત તથા સંપન્ન બનાવવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પને દોહરાવ્યો હતો. આ કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ નાગરિકોએ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણ માટે એકતા અને સમર્પણ સાથે કાર્ય કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમની શરૂઆતમાં અગ્રણીશ્રી નરેશજી ઠાકોર દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રત્નીબેન પરમાર, ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણ, પૂર્વ સાંસદશ્રી પરબતભાઈ પટેલ, અગ્રણી શ્રીમતી પ્રીતિબેન પટેલ, ઈન્ચાર્જ જિલ્લા કલેકટરશ્રી કલ્પેશકુમાર શર્મા, પોલીસ અધિક્ષકશ્રી ચિંતન તેરૈયા, અધિક જિલ્લા કલેકટરશ્રી તુષાર જાની સહિત વિશાળ સંખ્યામાં પદાધિકારીઓ, અધિકારીઓ, કાર્યકરો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના યુવાનોને ઉદ્યોગોની જરૂરિયાત મુજબ કૌશલ્યસંપન્ન બનાવી રોજગાર અને સ્વરોજગારની તકો સાથે જોડવા માટે અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ પ્રયાસોના પરિણામે ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશન હેઠળ કાર્યરત NSQF કક્ષાના ટૂંકાગાળાના અભ્યાસક્રમોમાં ૧૮,૧૧૨ ઉમેદવારો, 'પ્રોજેક્ટ સંકલ્પ'માં ૭,૧૫૨ અને 'LIVE' યોજનામાં ૫,૧૧૮ મળી કુલ ૩૦ હજારથી વધુ ઉમેદવારો તાલીમ સાથે જોડાઈ ચૂક્યા છે. જે કૌશલ્યસભર યુવા શક્તિ અને વિકસિત ગુજરાતની દિશામાં મહત્વનું પગલું સાબિત થઈ રહ્યું છે. નેશનલ સ્કિલ્સ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક-NSQF કક્ષાના ટૂંકાગાળાના અભ્યાસક્રમો અંતર્ગત રાજ્યની વિવિધ સરકારી ITI દ્વારા હેલ્થકેર, આઈ.ટી., એપરલ, બ્યુટી એન્ડ વેલનેસ, કેપિટલ ગુડ્સ અને એગ્રીકલ્ચર જેવા ક્ષેત્રોમાં ૨ થી ૬ મહિનાના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. જેમાં ધોરણ ૫,૮,૯ અને ૧૦ પાસ તેમજ સ્નાતક કક્ષાના ઉમેદવારો માટે વિવિધ લાયકાત આધારિત અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. તાલીમ પૂર્ણ કર્યા બાદ GCVT દ્વારા પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે. યુવાનોને વાસ્તવિક ઔદ્યોગિક વાતાવરણમાં પ્રાયોગિક તાલીમ આપી તેમને રોજગારલક્ષી કૌશલ્યોથી સજ્જ કરવાના હેતુથી 'પ્રોજેક્ટ સંકલ્પ' અમલમાં મૂકવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત ઉદ્યોગોની જરૂરિયાત મુજબ ઉદ્યોગ પરિસરમાં જ ૩થી ૬ મહિનાની નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. પ્રમાણિત ટ્રેનર્સ દ્વારા તાલીમ, સેક્ટર સ્કીલ કાઉન્સિલ દ્વારા મૂલ્યાંકન, રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર તેમજ અદ્યતન મશીનરી પર પ્રાયોગિક અનુભવ જેવી વિશેષતાઓ યુવાનોને ઉદ્યોગલક્ષી કૌશલ્ય પ્રાપ્ત કરવામાં મદદરૂપ બને છે. તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર યુવાનો માટે સંબંધિત ઉદ્યોગોમાં રોજગારીની ઉજ્જવળ તકોનું નિર્માણ થાય છે. ક્લસ્ટર બેઝ્ડ લોકલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વોકેશનલ એજ્યુકેશન-LIVE યોજના હેઠળ સરકારી ITI, સ્થાનિક GIDC, ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તથા ઉદ્યોગોના સહયોગથી સ્થાનિક માંગ આધારિત ટૂંકાગાળાના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. જેમાં FoodPacker, PCB Assembly Ope®aor, Edible Oil Packaging Ope®aion, Agricultural Equipments, Organic Farming, Checker Inline and Measurement તથા Jigger machine operator જેવા અભ્યાસક્રમો દ્વારા ગ્રામીણ, અર્ધ-શહેરી અને શહેરી યુવાનોનું Skilling, Re-skilling અને Up-skilling કરવામાં આવે છે. આ તાલીમ દરમિયાન તાલીમાર્થીઓને પ્રોત્સાહનરૂપે DBT મારફતે લઘુત્તમ વેતનના ૫૦ ટકા સુધીનું સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે, જેથી તેઓ કૌશલ્ય સાથે આર્થિક રીતે પણ સશક્ત બની શકે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'સ્કિલ ઈન્ડિયા' અને 'વોકલ ફોર લોકલ'ના વિઝનને સાકાર કરવાની દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા તથા રાજ્ય મંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયાના નેતૃત્વમાં ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશન (GSDM) દ્વારા યુવાનો માટે વિવિધ કૌશલ્યવર્ધક યોજનાઓનો સફળતાપૂર્વક અમલ કરવામાં આવી રહ્યો છે, જેનો મુખ્ય ઉદ્દેશ યુવાનોને અર્થપૂર્ણ, ઉદ્યોગસંબંધિત અને કૌશલ્યલક્ષી તાલીમ આપી તેમની પસંદગીના ક્ષેત્રમાં આજીવિકા મેળવવામાં સહાય કરવી તથા સ્વરોજગારીની તકો ઊભી કરવી છે. ગુજરાત સરકારનો આ અભિગમ માત્ર તાલીમ પૂરતો મર્યાદિત નથી, પરંતુ 'કૌશલ્યથી રોજગાર અને રોજગારથી આત્મનિર્ભરતા' તરફ યુવાનોને આગળ વધારવાનો છે. ઉદ્યોગોની સતત બદલાતી જરૂરિયાત અનુરૂપ તાલીમ અને કૌશલ્ય વિકાસની તકો પૂરી પાડતી આ યોજનાઓ ગુજરાતના યુવાનોને આધુનિક કૌશલ્ય, પ્રાયોગિક અનુભવ અને રોજગારની નવી તકો સાથે જોડવામાં આવી રહ્યા છે. પરિણામે યુવાનોને ઉદ્યોગોની જરૂરિયાત મુજબ 'ઈન્ડસ્ટ્રી-રેડી' બનાવી તેમની રોજગારક્ષમતા વધારવાની સાથે આત્મનિર્ભર અને વિકસિત ગુજરાતના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન મળી રહ્યું છે. કૌશલ્ય વિકાસ દ્વારા પોતાના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવા ઈચ્છુક ઉમેદવારો વિવિધ યોજનાઓ અને ઉપલબ્ધ અભ્યાસક્રમોની વિગતવાર માહિતી માટે ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશનની અધિકૃત વેબસાઈટ skills.guja®a.gov.in પર મુલાકાત લઈ શકે છે અથવા નજીકની સરકારી ITIનો સંપર્ક કરી શકે છે.

# કોમર્શિયલ પાયલટ તાલીમ માટે ગુજરાત બન્યું નેશનલ હબ; વધુ પાંચ ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશનો શરૂ થશે

**મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલેની સરકારમાં ગુજરાતે આકાશમાં ઊંચી ઉડાન ભરી છે અને સિવિલ એવિએશનનું મજબૂત માળખુ તૈયાર થતાં કોમર્શિયલ પાયલટ ટ્રેનિંગ માટે ગુજરાત નેશનલ હબ બન્યું છે.**




કમલમ્,
મૂખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં ગુજરાત સરકારે આ ક્ષેત્રમાં ઊંચી ઉડાન ભરી છે અને ગુજરાતમાં સિવિલ એવિએશનનું મજબૂત માળખુ તૈયાર થતાં કોમર્શિયલ પાયલટ ટ્રેનિંગ માટે ગુજરાત નેશનલ હબ બન્યુ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં જે શમાં એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ટરમાં મહત્વનાં પ્રોજેક્ટો હાથ ધરવામાં આવ્યા છે અને યુવાનો માટે કારકિર્દીના નવાં દ્વારો ખુલ્યા છે. ગુજરાત સરકારે સમગ્ર રાજ્યમાં ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન (FTO)નું મજબૂત ઈકોસિસ્ટમ ઊભું કરીને એવિએશન ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસ માટે આગોતરો અને દૂરંદેશી અભિગમ અપનાવ્યો છે. સિવિલ એવિએશન વિભાગ અને ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (GUJSAIL)ના માધ્યમથી ગુજરાતે પોતાનું મજબૂત એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભુ કર્યું છે. મૂખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં સિવિલ એવિએશન વિભાગ દ્વારા પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) મોડલ થકી ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશનનો વિકાસ કરી રહ્યું છે. આ માળખા હેઠળ રાજ્ય માલિકીના એરપોર્ટ અને એરસ્ટ્રિપો પર આશરે ૧,૫૦૦ ચોરસમીટર જમીન પારદર્શક બિડિંગ પ્રક્રિયા દ્વારા પાત્ર ઓપરેટરોને ફાળવવામાં આવી છે. આ પહેલનો હેતુ કુશળ એવિએશન માનવબળ તૈયાર કરવાનો છે અને ખાનગી રોકાણ આકર્ષવાનો છે. ભારતનું સિવિલ એવિએશન ક્ષેત્ર વધતા પેસેન્જર ટ્રાફિક, ઉડાન યોજના હેઠળ પ્રાદેશિક કનેક્ટિવિટીના વિસ્તરણ અને સ્થાનિક એરલાઈનો દ્વારા મોટા પાયે નવા વિમાનોની ખરીદીના કારણે ઝડપથી વિકસી રહ્યું છે. ભારતીય એરલાઈનોએ સંયુક્ત રીતે આશરે ૧,૭૦૦ નવા વિમાનોના ઓર્ડર આપ્યા છે, જેના પરિણામે આગામી વર્ષોમાં અંદાજે ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ કોમર્શિયલ પાઈલટોની માંગ ઊભી થવાની શક્યતા છે. આ ઉભરી રહેલી તકને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે સિવિલ એવિએશન વિભાગ અને ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (GUJSAIL) મારફતે વિશ્વસ્તરીય પાઈલટ તાલીમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

**ગુજરાત બન્યું ભારતનું ફ્લાઈંગ ટ્રેનિંગ હબ**

હાલમાં રાજ્યમાં પાંચ ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન (FTO) કાર્યરત છે. તેમાંથી ચાર રાજ્ય માલિકીની મહેસાણા અને અમરેલી એરસ્ટ્રિપો પર કાર્યરત છે, જ્યારે એક FTO ભારતીય એરપોર્ટ ઓથોરિટી (એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા) દ્વારા ફાળવવામાં આવેલી જમીન પર ભાવનગર એરપોર્ટ ખાતે કાર્યરત છે. કાર્યરત FTOમાં મહેસાણા ખાતે સ્કાયનેક્સ એરો પ્રા. લિ અને બ્લૂ રે એવિએશન પ્રા. લિ.; અમરેલી ખાતે વિઝન ફ્લાઈંગ ટ્રેઈનીંગ ઈન્સ્ટિટ્યૂટ અને ગુજરાત ફ્લાઈંગ ક્લબ તથા ભાવનગર ખાતે દુનેસ એવિએશન પ્રા.લિનો સમાવેશ થાય છે. રાજ્યની એવિએશન ક્ષેત્રની મહત્વાકાંક્ષાઓને વધુ વેગ મળવાનો છે, કારણ કે, વધુ પાંચ ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન ટૂંકસમયમાં કાર્યરત થશે. આ તમામ સંસ્થાઓ કાર્યરત થયા બાદ ગુજરાતમાં કુલ ૧૦ ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશનનું નેટવર્ક હશે, જે ગુજરાતને ભારતના સૌથી મોટા રાજ્યસ્તરીય પાઈલટ તાલીમ ઈકોસિસ્ટમમાંનું એકમ બનાવશે.'' ગુજરાતની ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશનોએ સંયુક્ત રીતે અત્યાર સુધીમાં ૫,૨૦૦થી વધુ એવિએશન વિદ્યાર્થીઓને તાલીમ આપી છે, ૩,૨૦૦થી વધુ કોમર્શિયલ પાઈલટ લાઈસન્સ (CPL) ધારકો તૈયાર કર્યા છે અને ૨૦૦થી વધુ ભાવિ પાઈલટોને તાલીમ આપી રહી છે. આ સંસ્થાઓમાં ગુજરાત ફ્લાઈંગ ક્લબનું વિશેષ સ્થાન છે. વર્ષ ૧૯૫૮માં વડોદરા એરપોર્ટ ખાતે સ્થાપિત આ સંસ્થા આજે પણ ભારતની સૌથી લાંબા સમયથી કાર્યરત ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) માન્ય ફ્લાઈંગ ટ્રેનિંગ સંસ્થાઓમાંની એક છે.

**અનુકૂળ હવામાન ગુજરાતને વધારાનો લાભ આપે છે**

એવિએશન તાલીમ ક્ષેત્રે ગુજરાતને અનેક પરિબળો સ્પર્ધાત્મક લાભ આપે છે. રાજ્યમાં આખુ વર્ષ ફ્લાઈંગ માટે અનુકૂળ હવામાન પુરુ પાડે છે, એરપોર્ટ અને એરસ્ટ્રિપ્સનુ વ્યાપક નેટવર્ક છે. ઉપરાંત, રાજ્ય પાસે માલિકીનું એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ છે. વળી, મજબૂત ઔદ્યોગિક અને લોજિસ્ટિક્સ સપોર્ટ, ઉત્તમ માર્ગ જોડાણ તથા રોકાણકારોને અનુકૂળ નીતિ ઉપલબ્ધ છે.

**મજબૂત FTO ઈકોસિસ્ટમથી આર્થિક લાભમાં વધારો**

પાઈલટ તૈયાર કરવા ઉપરાંત, વિસ્તરી રહેલું FTO ઈકોસિસ્ટમ નોંધપાત્ર આર્થિક લાભોનું સર્જન કરશે. દરેક ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન માટે વિમાનો, સિમ્યુલેટર્સ, મેન્ટેનન્સ હેંગર્સ, ફ્યુઅલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લાસરૂમ્સ, હોસ્ટેલ અને વહીવટી સુવિધાઓમાં મોટા પાયે રોકાણ જરૂરી બને છે. આવા રોકાણોથી ગુજરાતની એવિએશન ઈકોનોમી વધુ મજબૂત થવાની સાથે કોમર્શિયલ ફ્લાઈંગ ઈન્સ્ટ્રક્ટર્સ, એરક્રાફ્ટ મેન્ટેનન્સ એન્જિનિયર્સ, ફ્લાઈટ ડિસ્પેચર્સ, ઓપરેશન્સ ઓફિસર્સ, સેફ્ટી પ્રોફેશનલ્સ, વહીવટી કર્મચારીઓ અને ગ્રાઉન્ડ સપોર્ટ સ્ટાફ માટે રોજગારીની તકો ઊભી થશે.

**FTOથી સ્થાનિક અર્થતંત્રને પણ મળશે વેગ**

FTOનું વધતું નેટવર્ક એરક્રાફ્ટ મેન્ટેનન્સ, રિપેર એન્ડ ઓવરહોલ (MRO), એવિએશન ફ્યુઅલ સેવાઓ, ફ્લાઈટ સિમ્યુલેટરો, એરોસ્પેસ મેન્યુફેક્ચરિંગ, ડ્રોન પાઈલટ ટ્રેનિંગ, એવિએશન સોફ્ટવેર અને કન્સલ્ટન્સી સેવાઓ જેવા સંલગ્ન ક્ષેત્રોને પણ વેગ આપશે. સાથે જ, સરકારી માલિકીના એરપોર્ટ અને એરસ્ટ્રિપોનો વધુ ઉપયોગ થવાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની કાર્યક્ષમતા વધશે અને લીઝ પ્રીમિયમ, જમીન ભાડું, એરક્રાફ્ટ પાર્કિંગ, હેંગર સુવિધાઓ અને ફ્યુઅલ વેચાણ મારફતે લાંબા ગાળે આવકનું સર્જન થશે.

# વારાણસીથી વડનગર 'સેવા યાત્રા'ના ૫૦૦ બાઈકર્સ દ્વારા વડનગર સાયન્સ કોલેજમાં સામૂહિક વૃક્ષારોપણ કરાયું



કમલમ્, વડનગર
વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસના ઉપલક્ષમાં દેશભરમાં શરૂ થયેલા 'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ વડનગર ખાતે વૃક્ષારોપણનો એક ભવ્ય કાર્યક્રમ સંપન્ન થયો હતો. વારાણસીથી વિશેષ રૂપે પ્રસ્થાન કરી વડનગર પહોંચેલી 'વારાણસી થી વડનગર સેવા યાત્રા'માં જોડાયેલા ૫૦૦ જેટલા બાઈકર્સ દ્વારા વડનગરની સરકારી સાયન્સ કોલેજ ખાતે સામૂહિક વૃક્ષારોપણ કરીને પર્યાવરણના જતનનો મજબૂત સંદેશ પાઠવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાતના મંત્રી શ્રી કૌશિક વેકરીયાએ વૃક્ષારોપણમાં જોડાઈને બાઈકર્સનો ઉત્સવ વધાર્યો હતો. આ આયોજન દ્વારા વડાપ્રધાનના સેવા અને સમર્પણના મંત્રને જન-જન સુધી પહોંચાડવાનો નવતર પ્રયાસ કરવામાં આવ્યો છે. કાશીની પવિત્ર ધરતીથી વડાપ્રધાનના જન્મસ્થળ એવા વડનગર સુધીની આ યાત્રા સેવા અને પર્યાવરણના ઉમદા ઉદ્દેશ્ય સાથે યોજવામાં આવી હતી. ૫૦૦ બાઈકર્સ દ્વારા વડનગરની શૈક્ષણિક સંસ્થા સરકારી સાયન્સ કોલેજના પ્રાંગણમાં એકસાથે વૃક્ષારોપણ કરીને હરિયાળી ક્રાંતિ અને પ્રકૃતિના સંરક્ષણ માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાયેલી આ યાત્રા માત્ર એક પ્રવાસ નહીં પરંતુ સેવાનો મહાયજ્ઞ બની રહી છે. વારાણસી અને વડનગરને જોડતી આ સેવા યાત્રા દ્વારા સામાજિક જવાબદારી અને પર્યાવરણીય સંતુલન જાળવવાની પ્રેરણા પૂરી પાડવામાં આવી છે. સાયન્સ કોલેજ ખાતે કરવામાં આવેલું આ સામૂહિક વૃક્ષારોપણ આગામી સમયમાં વડનગરના પર્યાવરણને વધુ સમૃદ્ધ બનાવવામાં મહત્વનો ફાળો આપશે.




# અમદાવાદના પં. દીનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ ખાતે આયોજિત 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' મલ્ટિમીડિયા પ્રદર્શન તા. ૧૭ ઑક્ટોબર સુધી નાગરિકો માટે ખુલ્લું રહેશે

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની જનસેવા, સુશાસન અને વિકાસયાત્રાની ઝાંખી કરાવતું વિશેષ મલ્ટિમીડિયા પ્રદર્શન**

કમલમ્,
રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા અમદાવાદના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ ખાતે આયોજિત 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' વિષયક વિશેષ મલ્ટિમીડિયા પ્રદર્શનને નાગરિકો તરફથી ઉત્સાહજનક પ્રતિસાદ મળી રહ્યો છે.

મુલાકાતીઓના વધતા રસ અને જનઆવકારને ધ્યાનમાં રાખીને આ પ્રદર્શન હવે તા. ૧૭ ઑક્ટોબર, ૨૦૨૬ સુધી નાગરિકો માટે ખુલ્લું રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગત તા. ૪ ઓક્ટોબરના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પણ આ પ્રદર્શનની મુલાકાત લઈ વિવિધ વિભાગોનું નિરીક્ષણ કર્યું હતું તથા તેમાં રજૂ કરવામાં આવેલી વિકાસયાત્રાની ઝાંખી નિહાળી હતી. આ પ્રદર્શનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતથી શરૂ થયેલી ૨૫ વર્ષની જનસેવા, નેતૃત્વ, સુશાસન અને વિકાસયાત્રાને વિવિધ પેનલ, પોસ્ટર્સ, ડિજિટલ ડિસ્પ્લે તથા દૃશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિઓ દ્વારા રજૂ કરવામાં આવી છે. ગુજરાતના કૃષિ, પશુપાલન, શિક્ષણ, ઉદ્યોગ, બંદરો, ઊર્જા, જળશક્તિ, મહિલા સશક્તીકરણ અને સામાજિક વિકાસ સહિતના વિવિધ ક્ષેત્રોમાં થયેલા પરિવર્તન અને પ્રગતિને પણ પ્રદર્શનમાં આવરી લેવામાં આવ્યા છે.

આ ઉપરાંત, કૃષિ મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી અભિયાન, જ્યોતિગ્રામ યોજના, ઈ-મમતા, મિશન મંગલમ, જ્ઞાનશક્તિ, પાણીદાર આયોજન, ખેલ મહાકુંભ, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ, પશુ આરોગ્ય મેળા અને સમરસ છાત્રાલય યોજના જેવી વિવિધ વિકાસલક્ષી પહેલોની માહિતી પણ મુલાકાતીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પ્રદર્શન સાથે સંકળાયેલી ક્વિઝ પ્રવૃત્તિ પણ મુલાકાતીઓમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે. નાગરિકો માટે આ પ્રદર્શન દરરોજ સવારે ૮:૦૦ વાગ્યાથી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ, રાજપથ રંગોળી રોડ, બોડકદેવ ખાતે ખુલ્લું રહેશે. અમદાવાદ સહિત રાજ્યભરના નાગરિકો, વિદ્યાર્થીઓ, યુવાનો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ આ પ્રદર્શનની મુલાકાત લઈ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની વિકાસયાત્રા તથા ગુજરાતના વિકાસ મોડેલ વિશે વિસ્તૃત માહિતી મેળવી શકશે.

# જામનગરમાં પ્રભારી મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની અધ્યક્ષતામાં વિકસિત ભારત સંકલ્પ સભા યોજાઈ

**મંત્રી, સાંસદ, મેયર, જિલ્લા પંચાયતના પ્રમુખ સહિતના મહાનુભાવોએ જ્યોત પ્રગટાવી "સેવા જ્યોતિ યાત્રા" નો પ્રારંભ કરાવ્યો**









## વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દિશાનિદર્શનમાં ૨૫ વર્ષમાં ગુજરાતે વિકાસના અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી : સાંસદશ્રી

કમલમ્, જામનગર
રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીશ્રી અને જામનગર જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને જામનગરમાં લેઉઆ પટેલ સમાજ, રણજીતનગર ખાતે વિકસિત ભારત સંકલ્પ સભા યોજાઈ હતી. કાર્યક્રમમાં પ્રભારી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જનજનની સુખાકારી અને દરેક નાગરિક સુધી આધુનિક સુવિધાઓ પહોંચાડવી, એ સરકારની મુખ્ય પ્રાથમિકતા છે. ગુજરાતે છેલ્લા ૨૫ વર્ષમાં વિકાસના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે અને આજે ગુજરાતની વિકાસયાત્રા 'વિકસિત ભારત'ના સંકલ્પ સાથે આગળ વધી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ દેશ વિકાસના નવા આયામો સર કરી રહ્યો છે. ભારત આજે વિશ્વમાં પોતાની આગવી ઓળખ સાથે ઝડપથી આગળ વધી રહ્યું છે. આ વિકાસયાત્રાને વધુ મજબૂત બનાવવા સરકારની સાથે સમાજના દરેક વર્ગની ભાગીદારી પણ એટલી જ જરૂરી છે. 'સેવા જ્યોતિ યાત્રા' માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ સેવા, સંકલ્પ અને જનભાગીદારીનો સંદેશ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું વિઝન આપ્યું છે. 'વિકસિત ભારત @2047' માત્ર સરકારનું લક્ષ્ય નથી, પરંતુ દેશના દરેક નાગરિકના સહિયારા સંકલ્પ અને યોગદાનથી સાકાર થનાર રાષ્ટ્રનિર્માણની યાત્રા છે. કાર્યક્રમમાં સાંસદશ્રી પુનમબેન માડમે જણાવ્યું હતું કે, જનજનની સુખાકારી અને સુવિધાઓ સુનિશ્ચિત કરવી એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતાના ભાગરૂપે છેલ્લા ૨૫ વર્ષ દરમિયાન ગુજરાતે વિકાસના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને દિશાદર્શનમાં જનસુવિધાઓને વધુ સુદૃઢ અને આધુનિક બનાવવાની સાથે વિકાસની ગતિને નવી ઊંચાઈ પ્રાપ્ત થઈ છે. ગુજરાત પોતાની વિકાસયાત્રાને 'વિકસિત ભારત'ની પરિકલ્પના સાથે જોડીને સર્વાંગી અને સર્વસમાવેશક વિકાસ તરફ આગળ વધી રહ્યું છે. ભારત વિશ્વમાં ઝડપથી આગળ વધી રહેલા દેશોમાં અગ્રેસર છે ત્યારે ગુજરાત પણ વિકાસના નવા આયામો સર કરી 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ભારત એક એવી ઉર્જા અને સંભાવનાઓથી ભરપૂર ભૂમિ તરીકે વિશ્વના મંચ પર આગળ વધી રહ્યું છે, જે આવનારા દિવસોમાં વિશ્વની અગ્રણી અને મજબૂત અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવવાની દિશામાં સતત પ્રયત્નશીલ છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં દેશ આગળ વધી રહ્યો છે. આ વિકાસયાત્રામાં દેશના દરેક નાગરિકનું યોગદાન મહત્વપૂર્ણ છે. કાર્યક્રમમાં સૌ મહાનુભાવોએ જામનગર જિલ્લાની વિવિધ શાળાના બાળકોએ "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત વિકસિત ભારત ૨૦૪૭ થીમ આધારિત અનાજ - કઠોળ માંથી બનાવેલ રંગોળી પ્રદર્શન નિહાળ્યુ હતું. તેમજ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓનું સન્માન કર્યું હતું. કાર્યક્રમમાં મહાનુભાવો સહિત ઉપસ્થિત સૌએ વડાપ્રધાનશ્રીના દિલ્હી ખાતેના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. અને વિકસિત ભારત માટે પ્રતિજ્ઞા લીધી હતી. અને મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ સેવા જ્યોત પ્રજ્વલ્લિત કરી સેવા જ્યોતિ યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. યાત્રા રણજીતનગરથી સાત રસ્તા સર્કલ પહોંચી પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે પૂર્ણ થઈ હતી. જ્યારે અન્ય રૂટ રણજીતનગરથી પવનચક્કી થઈ સુમેરક્લબ રોડથી સાત રસ્તા અને પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે પૂર્ણ થઈ હતી. કાર્યક્રમમાં મેયર શ્રીમતી મોનિકાબેન વ્યાસ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રંજનબેન જીવાણી, ધારાસભ્યો સવશ્રી રાઘવજીભાઈ પટેલ, મેઘજીભાઈ ચાવડા, દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા કલેક્ટરશ્રી પી.બી.પંડ્યા, મહાનગરપાલિકાના કમિશનરશ્રી દીપેશ કેડિયા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, જિલ્લા પોલીસ વડાશ્રી ડૉ.રવિ મોહન સૈની, ડેપ્યુટી મેયરશ્રી રાકેશભાઈ ડેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ધીરેનભાઈ મોનાણી, શાસકપક્ષના નેતાશ્રી અમર મોદી, દંડકશ્રી પ્રવિણાબેન રૂપડિયા, પૂર્વ ધારાસભ્યશ્રી ચિરાગભાઈ કાલરિયા, અગ્રણીઓશ્રી આશાબેન નકુમ અને ડો.વિનોદભાઈ ભંડેરી, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, આગેવાનો, વિવિધ વિભાગોના કર્મચારીશ્રીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો સહિત વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

